# સંકેતો સમજવા

**હોક્સબરી-નેપિયન ખીણમાં પૂર માટેનાં સંકેતો શું છે?**

## અહીં નોંધપાત્ર પૂર આવવાનું કારણ શું છે?

હોક્સબરી-નેપિયન ખીણમાં નોંધપાત્ર પૂર તીવ્ર નીચા દબાણવાળી હવામાન પ્રણાલીઓને કારણે આવે છે, જેમાંના મોટાભાગનું પૂર્વના દરિયાકાંઠેથી આવતું નીચું દબાણ છે.

આ હવામાન પ્રણાલીઓ કોઇપણ સમયે ઉદ્ભવી શકે છે અને તે વર્ષમાં ઘણી વખત થઇ શકે છે. તે પાનખર અને શિયાળામાં વધુ ઉદ્ભવે છે અને ઘણી વખત રાતોરાત ઝડપથી તીવ્ર બને છે. આ તેમને આ ક્ષેત્રને અસર કરતી સૌથી ખતરનાક હવામાન પ્રણાલીઓમાંની એક બનાવે છે.

ખીણની અનન્ય ભૌગોલિક સ્થિતિ પણ આ ક્ષેત્રમાં પૂરની હદ અને ઊંડાઇને અસર કરે છે. મોટાભાગની નદીઓની ખીણો દરિયા સુધી પહોંચતાં પહોળી થતી જાય છે. હોક્સબરી-નેપિયન ખીણ આનાથી વિપરીત કિસ્સો છે. સેકવાઇલ અને બ્રુકલિન વચ્ચેના રેતીના પથ્થરોનાં સાંકડાં કોતરો નીચે તરફનાં વહેણ સામે કુદરતી અવરોધ બનાવે છે જે 'બાથટબ અસર'નું કારણ બને છે.

પૂરના પાણી પાછાં ઠેલાય છે અને ઝડપથી વધે છે, જેનાથી પૂરનાં મેદાનોમાં ઊંડા અને વ્યાપક પૂર આવે છે. જેમ કે બાથટબમાં પાંચ નળ (મુખ્ય ઉપનદીઓ) ખૂલ્લાં મુકવામાં આવ્યા હોય, પરંતુ પાણીને નીકળવા માટે ફક્ત એક જ કાણું હોય.

હોક્સબરી-નેપિયન ખીણમાં પૂર-પ્રભૂત્વ અને દુષ્કાળ-પ્રભૂત્વ ધરાવતા ચક્રોની રચના છે. આ ચક્રો સામાન્ય રીતે ૩૦થી ૫૦ વર્ષો સુધી ચાલે છે.

એ યાદ રાખવું જરૂરી છે કે, દુષ્કાળ સહિત ગમે તે સમયે પૂર આવી શકે છે. આવું ફેબ્રુઆરી ૨૦૨૦માં બન્યું હતું. આખા સિડની મહાનગરની ચારેબાજુ પૂર આવ્યું હતું કે જ્યારે પાણી વપરાશ પર સ્તર ૨ના પ્રતિબંધો અમલમાં હતા અને આખા તટપ્રદેશમાં દાવાનળ સળગી રહ્યો હતો.

બીજું મોટું પૂર આવશે કે નહિં તે વાત નથી, તે ક્યારે આવશે તેનાથી નિસ્બત છે

## કુદરતી ચેતવણીના સંકેતો શું છે?

દરેક પૂર જુદું છે, તેથી તમે ભૂતકાળમાં શું અનુભવ્યું છે અથવા શું સાંભળ્યું છે તેના પર ભરોસો કરી શકો નહિં.

હવામાનના અહેવાલો પર ધ્યાન આપવું અને કેટલીક પ્રારંભિક ચેતવણીના સંકેતોથી જાણકાર રહેવું મહત્વપૂર્ણ છે, જેમ કે:

- ભારે અને/અથવા લાંબા સમય સુધી વરસાદની આગાહી
- વિસ્તારને અસર કરતું પૂર્વ કાંઠાંનું નીચું દબાણ
- ઉપરવાસમાં જેમ કે બ્લુ માઉન્ટેન્સ, સધર્ન હાયલેન્ડ્સ, ગોલબર્ન અને વુલુન્ડેલી વિસ્તારોમાં ભારે, સતત વરસાદ પડવો.

મોટાભાગનાં કિસ્સાઓમાં ખાલી કરવાનું કહેવામાં આવતાં પહેલાં, તમને તમારી આસપાસમાં પૂર જોવા મળશે નહિં. એનો અર્થ કે, તમારે માટે માહિતીનો શ્રેષ્ઠ સ્ત્રોત સત્તાવાર ચેતવણીઓ છે.




**હોક્સબરી-નેપિયન ખીણમાં પૂરમાં ઉપનદીઓનું પ્રદાન (પૂરનાં ઐતિહાસિક આંકડાના આધારે).**



માર્ચ ૨૦૨૧ના પૂર દરમ્યાન વિંડસરમાં ઉત્તર-પૂર્વ તરફ જોતાં. સ્ત્રોત: ઇન્ફ્રાસ્ટ્રક્ચર એનએસડબ્લ્યુ. છબી: એડમ હોલિંગવર્થ

## સત્તાવાર ચેતવણીઓ અને સલાહ

રેડિયો સ્ટેશનો અને સોશિયલ મીડિયા સહિતની અનેક ચેનલો પર હવામાનશાસ્ત્ર બ્યુરો (બ્યુરો) અને એનએસડબ્લ્યુ રાજ્ય આપાતકાળ સેવાઓ (એનએસડબ્લ્યુ એસઇએસ) દ્વારા પૂરની સત્તાવાર ચેતવણીઓ અને સલાહ આપવામાં આવે છે.

બ્યુરો પૂરના પાણીનો આગમન સમય અને ઊંડાઇની આગાહી કરવા માટે વરસાદ અને પૂરના માપદંડનો ઉપયોગ કરે છે. એનએસડબ્લ્યુ એસઇએસ સાથે સહકારમાં કામ કરીને બ્યુરો ત્રણ પ્રકારની સંબંધિત આગાહીઓ અને ચેતવણીઓ જાહેર કરે છે:

- **ફ્લડ વૉચ,** વેળાસર સલાહ આપે છે કે નજીકના ભવિષ્યમાં પૂર લાવી શકે તેવો વરસાદ પડવાની શક્યતા છે. નોંધ: ફ્લડ વૉચને દરરોજ અદ્યતન કરવામાં આવે છે, *પરંતુ તે નિકટવર્તી પૂરની ચેતવણી નથી.*
- **ફ્લડ વોર્નિંગ,** ત્યારે જાહેર કરવામાં આવે છે, જ્યારે બ્યુરોને વધુ ખાતરી હોય કે ચોક્કસ વિસ્તારમાં પૂરની સંભાવના છે અને સામાન્ય રીતે જ્યારે વરસાદ પડવાનું શરું થઇ જાય પછી જાહેર થાય છે.
- **સીવીઅર વેધર વોર્નિંગ,** અતિ ભારે વરસાદ કે જે અચાનક પૂર અથવા અસામાન્ય ઊંચી ભરતીનું કારણ બની શકે કે જે પૂરને અસર કરી શકે છે, તેના માટે જાહેર કરવામાં આવે છે. તીવ્ર વરસાદ પછી અચાનક સ્થાનિક પૂર આવે છે અને તેને જમીન પરનાં પૂર તરીકે પણ ઓળખવામાં આવે છે.

પૂર પહેલાં, દરમ્યાન અને પછી, એનએસડબ્લ્યુ એસઇએસ તેની વેબસાઇટ, સોશિયલ મીડિયા ચેનલો અને હેઝાર્ડ્સ નિયર મી એપ દ્વારા સમુદાયોને માહિતી અને ચેતવણીઓ જારી કરશે.

**પૂરની ચેતવણીના ત્રણ સ્તર છે:**

### સલાહ

ભયનું સ્તર વધ્યું છે પરંતું તાત્કાલિક કોઇ જોખમ નથી. પરિસ્થિતિ બદલાય તો માહિતીથી અદ્યતન રહો.

**ક્રિયા કરવા નિવેદન** — માહિતગાર રહો / પરિસ્થિતિ પર નજર રાખો — ભય ઘટ્યો છે: સાવધાની પૂર્વક પાછા ફરો

### નજર રાખો અને અનુરૂપ વર્તન કરો

પરિસ્થિતિઓ બદલાઇ રહી છે અને તમને અને તમારા પરિવારને સુરક્ષિત રાખવા માટે હવે તમારે પગલાં લેવાનું શરૂ કરવાની જરૂર છે.

**ક્રિયા કરવા નિવેદન** — પૂરનાં પાણીમાં પ્રવેશશો નહિં / ખાલી કરવા માટે તૈયાર રહો — એકલાં પડવા તૈયારી કરો / વિસ્તારથી દૂર રહો

### કટોકટી ચેતવણી

તમે સંકટમાં હોય શકો છો અને તત્કાળ પગલાં લેવાની જરૂર છે.

**ક્રિયા કરવા નિવેદન** — હાલમાં જ ખાલી કરો / [સમય] પહેલાં ખાલી કરો — હાલમાં જ આશ્રરો લો / ઊંચાણવાળા ભાગ તરફ પ્રયાણ કરો

જો તમને **ખાલી** કરવાનો નિર્દેશ આપતી કટોકટીની ચેતવણી મળે, તો મહત્વપૂર્ણ છે કે તમે નીકળી જાઓ

## ખીણમાં પૂરની આગાહીમાં સુધારો

હોક્સબરી-નેપિયન ખીણમાં આપાતકાળની સ્થિતિમાં આયોજન અને પ્રતિભાવનાં સુધારામાં ટેકો આપવા હવામાનશાસ્ત્ર બ્યુરો પૂરની આગાહીમાં સચોટતા લાવવા માટે કામ કરી રહ્યું છે.

આમાં વધુ સચોટ આગાહીઓ, પૂરની નવી પ્રતિકૃતિ અને પૂરનો સમય, તેની પ્રકૃતિ અને ઊંચાઇની વધુ સારી સમજનો સમાવેશ થાય છે.

https://www.ses.nsw.gov.au/flood-awareness-nsw/sydney-rivers/hawkesbury-nepean-valley/ વધુ જાણો, અથવા સ્કેન કરીને